ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ, **ભાવનગર.**
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૭૮/૨૨-૨૩/ 578 તારીખ : 16 FEB 2023

**આર.પી.એ.ડી.**

પ્રતિ,
**શ્રી બહાદુરભાઈ દાદભાઈ બેલીમ,**
**બાપાની મઢુલી પાસે,**
**જાંપે, બસ સ્ટેન્ડ પાસે,**
**મું. બાંભણીયા,**
**તા.મહુવા, જી.ભાવનગર.**

કેસ નં.૭૮/૨૨-૨૩

**વિષય : જુના ભરેલ પૈસા બાકી કાઢવા તથા નવું વિજ કનેકશન ન આપવા બાબત.**

સંદર્ભ : (૧) આપનો પત્ર તા.૧૩/૧૨/૨૦૨૨ જે અત્રેની કચેરી ને મળ્યા તા.૧૬/૧૨/૨૦૨૨.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૭૮/૨૨-૨૩/૪૦૯૫ તા.૨૦/૧૨/૨૦૨૨.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૭૮/૨૨-૨૩/૧૮૬ તા.૧૨/૦૧/૨૦૨૩.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોક્ત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ **તા.૨૪/૦૧/૨૦૨૩** નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

**કન્વીનર,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.**

**બિડાણ:- ઉપર મુજબ.**

પ્રતિ: કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, **મહુવા.**
*.......ગુજરાત વિધુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૯ ની કલમ નં. ૨.૫૪ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાના:-**
(૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **ભાવનગર.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.
(૨) શ્રી નાયબ ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, **ગ્રામ્ય પેટા વિભાગીય કચેરી-૧, મહુવા.**

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar.

**ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)**

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

**કેઈસ નંબર – ૭૮/૨૨–૨૩**

વાદી :– **શ્રી બહાદુરભાઈ દાદભાઈ બેલીમ,**

**◈ વિરૂઘ્ઘ ◈**

પ્રતિવાદી :– **પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ**

**◈ રજુઆતની તારીખઃ– તા.૨૪/૦૧/૨૦૨૩ ◈**

હાજર રહયા :– **શ્રી બહાદુરભાઈ દાદભાઈ બેલીમ (વાદી પોતે)**

પ્રતિવાદી :– **શ્રી સી.સી.ડામોર, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, મહુવા (પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)**

શ્રી બહાદુરભાઈ દાદભાઈ બેલીમ, મું.બાંભણીયા, તા.મહુવા, જી.ભાવનગરની જુના ભરેલ પૈસા બાકી કાઢવા તથા નવું વિજ કનેકશન ન આપવા બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરીયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૭૮/૨૨–૨૩ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, ભાવનગર ને પત્ર નં. બીઝેડ/ફોરમ/૭૮/૨૨–૨૩/૪૦૯૫ તા.૨૦/૧૨/૨૦૨૨ થી વાદીશ્રી ની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રી ને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા **તા.૨૪/૦૧/૨૦૨૩** ના રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં, વાદી પોતે શ્રી બહાદુરભાઈ દાદભાઈ બેલીમ હાજર રહેલ તથા પ્રતિવાદી તરફે શ્રી સી.સી.ડામોર, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, મહુવા ઉપસ્થિત રહેલ.

☞ **વાદીશ્રીની રજુઆતઃ– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ અમો, શ્રી બેલીમ બહાદુરભાઈ દાદભાઈ, બાપા ની મઢુલી પાસે, જાંપે બસ સ્ટેન્ડ પાસે, મું.બાંભણીયા, તા. મહુવા,જી ભાવનગર,રહેણાંક ધરાવીએ છીએ.

૧.૨ અમો, સદર સ્થળ પર ઘર વપરાશનું વિજ કનેકશન ચાલુ હતું રાબેતા મુજબ બીલ આવતા હતા. નવેમ્બર–ડીસેમ્બર–૨૦૧૯ નું બીલ અચાનક વધારે આવવાથી ભરી શકેલ નહીં.

૧.૩ અમો, દ્વારા રૂા.30,000/– તા.30/03/૨૦૨૨ ના રોજ પહોચ નં–૬૦૧૮૧૬ થી ભરેલ ત્યારબાદ રૂા. 3,000/– તા.૦૯/૦૫/૨૦૨૨ પહોચ નં.–૬૦૬૫૦૧ થી ભરેલ ત્યારબાદ રૂા.૫,૦૦૦/– પહોચ નં–૦૩૧૨૯૭ થી ભરેલ છે.

૧.૪ અમો, મહુવા રૂરલ–૧ કચેરીમાંથી સમાચાર આવેલ કે, ભાવનગર તા.30/૦૬/૨૦૨૨ ના રોજ લોક અદાલત છે. તમે નાણાં લઈને વીજ કચેરી આવજો અમારૂં વાહન લઈને જવાનું છે. તેથી, હું સવારે વહેલો વીજ કચેરીએ હાજર થયેલ. આશરે ૬ થી ૭ વાહનમાં દરેક કચેરીના ગ્રાહકોને ભાવનગર લાવેલ. ત્યાં લોક અદાલતમાં મેં તા.30/૦૬/૨૦૨૨ ના રોજ રૂા.૨૬૧૦/– પહોચ નં.– ૦૩૮૬૪૯ થી ભરી વ્યાજ નાણાં માફ કરેલ.

P.G.V.C.L. Bhavnagar.

૧.૫ હવે તમે નવા વીજ કનેકશનનું ફોર્મ ભરી દેજો, હવે તમારી પાસે લેણું બાકી નંથી. મેં જયારે નાણાં ભરેલ ત્યારબાદ કચેરીમાં જયારે જમા લીધેલ છે તેની તપાસ કરાવો, તા.૩૦/૦૬/૨૦૨૨ ના રોજ સેટલમેન્ટમાં રૂપીયા ભરેલ તે કઈ તારીખે જમા લીધેલ છે, હાલ નવું વીજ કનેકશનનું ફોર્મ ભરવા ગયેલ તો, વ્યાજના નાણાં બાકી કાઢેલ છે રદ કરતા કોઈને આવડતુ નંથી. તો આપ સાહેબ તપાસ કરાવી ખોટા નાણાં રદ કરવા, મને કનેકશન આપવા હુકમ કરવા વિનંતી.

☞ **<u>પ્રતિવાદીશ્રીની રજુઆત</u> :– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૨.૧ ગ્રાહક નું નામ :– શ્રી બહાદુરભાઈ દાદભાઈ બેલીમ

૨.૨ ગ્રાહક નંબર :– ૩૭૦૨૦/૦૫૬૪૩/૧

૨.૩ રીલીઝ તારીખ :– ૨૩/૦૧/૨૦૧૯

૨.૪ પીડીસી તારીખ :– ૧૦/૦૨/૨૦૨૦

૨.૫ કેટેગરી :– 0.5 RGPR

૨.૬ વાદી શ્રી બહાદુરભાઈ દાદભાઈ બેલીમ, ગામ–બાંભણીયામાં ઘર વપરાશનું વીજ કનેકશન ગ્રાહક નં–૩૭૦૨૦/૦૫૬૪૩/૧ થી મહુવા રૂરલ–૧ પેટા વિભાગીય કચેરીમાં ધરાવતા હતાં.

૨.૭ મહુવા રૂરલ–૧ પેટા વિભાગીય કચેરી દ્વારા સદર વાદીના વીજ બીલના નાણાં રૂા.૪૩,૨૩૩/૦૨ બાકી હોવાથી સદર કનેકશન તા.૧૧/૦૧/૨૦૨૦ ના રોજ ડીશ કનેકશન કરેલ છે. જેનો સી.આર.નં.–૧૮૨૪ તા.૧૧/૦૧/૨૦૨૦ છે અને સદર કનેકશન તા.૧૦/૦૨/૨૦૨૦ પીડીસી કરેલ છે. અને સદર વાદી ની બાકી લેણીની વસુલાત માટે મહુવા રૂરલ–૧ કચેરી દ્વારા સીવીલ સ્યુટ નં–૧૩૧/૨૦૨૧ (મૂળ રકમ રૂા.૪૩,૨૩૩/૦૨) + વ્યાજ રૂા.૭,૭૮૧/૯૪ + નોટીસ ખર્ચ રૂા.૩૫૦/– ) કુલ રૂા.૫૧,૩૬૯/૯૬ નો દાવો મહુવા કોર્ટ માં દાખલ કરવામાં આવેલ. જેનો ચુકાદો કંપની તરફેણમાં તા.૨૪/૦૮/૨૦૨૧ ના રોજ ૬% વ્યાજ સાથે વસુલવા હુકમ આપેલ હતો. ત્યારબાદ, દરખાસ્ત નં– ૩૬૯/ ૨૦૨૧ (મૂળ રકમ રૂા.૪૩,૨૩૩/૦૨ + વ્યાજ રૂા.૧૫૧૩/૧૫ + લીગલ ચાર્જ રૂા.૪૪૬૭/–) કુલ રકમ રૂા.૪૯,૨૧૩/૧૫ દાખલ કરવામાં આવેલ.

૨.૮ સદર કેસ તા.૩૦/૦૬/૨૦૨૨ ના રોજ સર્કલ ઓફીસ, ભાવનગર ખાતે રાખેલ થ્રી ટાયર સેટલમેન્ટમાં સમાધાન માટે મુકેલ.

૨.૯ થ્રી ટાયર સેટલમેન્ટના સરકયુલર મુજબ ડીક્રીયલ એમાઉન્ટના ૨૦% કે વધુમાં વધુ રૂા.૨૦,૦૦૦/– સુધી માફી આપી શકાય. આ સાથે સરકયુલરની કોપી સામેલ છે.

| ગ્રાહક દ્વારા ભરપાઈ કરેલ રકમ : | | |
|---|---|---|
| રૂા.૩૦,૦૦૦/–રીસીપ્ટનં–૬૦૧૮૧૬તા.૩૦/૦૩/૨૦૨૨. | મુદલ રકમ | રૂા.૪૩,૨૩૩/૦૨ |
| રૂા.૩૦૦૦/– રીસીપ્ટ નં–૬૦૬૫૦૧ તા.૦૯/૦૫/૨૦૨૨. | વ્યાજ ૬ % | રૂા.૧,૯૪૫/૪૯ |
| રૂા.૫૦૦૦/– રીસીપ્ટ નં–૦૩૧૨૯૭ તા.૧૩/૦૬/૨૦૨૨. | કુલ | રૂા.૪૫,૧૭૮/૫૧ |
| રૂા.૨૬૧૦/– રીસીપ્ટ નં–૩૮૬૪૯ તા.૩૦/૦૬/૨૦૨૨. | ૨૦% માફી– | રૂા.૯,૦૩૫/૭૦ |
| **રૂા.૪૦,૬૧૦/–** | કુલ | રૂા.૩૬,૧૪૨/૮૦ |
| | લીગલ ચાર્જ+ | રૂા.૪,૪૬૭/– |
| | કુલ રકમ | રૂા.૪૦,૬૦૯/– |

૨.૧૦ ઉપરોકત કોષ્ટક મુજબ વાદી દ્વારા કુલ રૂા.૪૦,૬૧૦/– ભરપાઈ કરેલ છે. પરંતુ થ્રી ટાયર સેટલમેન્ટના સરકયુલર મુજબ કોઈ પણ દરખાસ્તની મુદલ રકમમાં માફી આપી શકાય નહી.

૨.૧૧ ૧૪૫ પીઆરટી મુજબ વાદીની મુદલ રકમ રૂા.૪૩,૨૩૩/૦૨ છે. જયારે વાદી દ્વારા રૂા.૪૦,૬૧૦/– ભરપાઈ કરેલ છે, એટલે તફાવત ની રકમ રૂા.૨૬૨૩/૦૨ વાદી એ ભરવાપાત્ર થાય છે. તેમજ બળેલ મીટર નો ચાર્જ રૂા.૮૬૦/– એમ કુલ રૂા.૩૪૮૩/૦૨ ભરવાપાત્ર થાય છે.

P.G.V.C.L. Bhavnagar. ... Forum Co...

૨.૧૨ આમ, વાદી દ્વારા તફાવત ની કુલ રકમ રૂા.૩૪૮૩/૦૨ ભરપાઈ કર્યા બાદ નવા વીજ કનેકશન અંગે આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

**☞ <u>ફોરમનું તારણ</u> :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.**

૩.૧ વાદી શ્રી બેલીમ બહાદુરભાઈ દાદભાઈ, ગામ–બાંભણીયા, તા.મહુવા દ્વારા નવું કનેકશન માંગવામાં આવતા પ્રતિવાદી ની કચેરી દ્વારા જુના લેણાં બાકી હોવા ની વાત કરીને કનેકશન ન આપતા ફોરમને રજુઆત કરેલ છે.

૩.૨ વાદી ની રજુઆતને ધ્યાને લઈ, આજરોજ તા.૨૪/૦૧/૨૦૨૩ ના રોજ બન્ને પક્ષકારોને રૂબરૂ સુનાવણીમાં બોલાવવામાં આવેલ છે. જયાં બન્ને પક્ષકારો હાજર છે, અને પોતાની રજુઆતો કરેલ છે.

૩.૩ આ તબકકે ફોરમને જણાય છે કે, વાદી દ્વારા તેમના જુના બાકીના લેણાં રૂા.૪૩,૨૩૩/૦૨ ભરપાઈ ન થવાથી પ્રતિવાદી ની કચેરી દ્વારા તા. ૧૧/૦૧/૨૦૨૦ ના રોજ ડીશ કનેકટ કરવામાં આવેલ, તથા વાદી ઉપર મુળ રકમ + વ્યાજ + નોટીસ ખર્ચ ઉમેરી રૂા.૫૧,૩૬૯/૯૬ નો સીવીલ સ્યુટ નં–૧૩૧/૨૦૨૧ દાખલ કરવામાં આવેલ, જેનો ચુકાદો તા.૨૩/૦૮/૨૦૨૧ ના રોજ થી કરવામાં આવેલ. જે મુજબ નામ.કોર્ટ દ્વારા ૬ % વ્યાજ સાથે વસુલવાનો હુકમ કરવામાં આવેલ. જે અંગેની ડીક્રી નં–૩૬૯/૨૦૨૧ મુળ રકમ + વ્યાજ + લીગલ ચાર્જ સાથે રૂા.૪૯,૨૧૩/૧૫ થી દાખલ કરવામાં આવેલ.

૩.૪ ડીક્રી દરમ્યાન પ્રતિવાદી પીજીવીસીએલ કંપની દ્વારા આવા કેસો માટેની સમાધાન યોજના થ્રી ટાયર સેટલમેન્ટ અમલમાં આવેલ. આ સ્કીમ મુજબ દાવાની રકમ માંથી મુદલ સિવાયની રકમ પર ૨૦ % કે વધુમાં વધુ રૂા.૨૦,૦૦૦/– સુધીની માફી અંગેનો પરિપત્ર છે.

૩.૫ વાદી દ્વારા આ સમાધાન યોજનાનો લાભ લેવામાં આવેલ. જેમાં થયેલ સમાધાન મુજબ વાદીની દરખાસ્તની રકમ રૂા.૪૯,૨૧૩/૧૫ સામે પ્રતિવાદી દ્વારા રૂા.૪૦,૬૦૯/– માં સમાધાન કરેલ છે. જેમાં વાદીની મુદલ રકમ રૂા.૪૩,૨૩૩/૦૨ પર પણ ૨૦ % માફી કરી આપવામાં આવેલ. વાદી દ્વારા સમાધાન ની રકમ રૂા.૪૦,૬૦૯/– ભરપાઈ કરી આપવામાં આવેલ છે.

૩.૬ આ તબકકે પ્રતિવાદી એ જણાવેલ છે કે, સદરહુ સ્કીમ હેઠળ થયેલ સમાધાનમાં પ્રતિવાદીના સંબંધિત કર્મચારી દ્વારા શરતચૂક થી વાદીની મુદલ રકમ રૂા.૪૩,૨૩૩/૦૨ ની સામે પણ ૨૦% માફી આપ્યાની ગણતરી થયેલ હતી. જે મુજબ તફાવતની રકમ રૂા.૨૬૨૩/૦૨ + બાકી રહેલ બળેલ મીટર નો ચાર્જ રૂા.૮૬૦/– મળી હાલ વાદી પાસે રૂા.૩,૪૮૩/૦૨ બાકી નીકળે છે.

૩.૭ આ તબકકે પ્રતિવાદી દ્વારા થ્રી ટાયર સેટલમેન્ટ સ્કીમ નો પરિપત્ર તથા વાદીના ખાતાનો ઉતારો વગેરે દસ્તાવેજો રજૂ કરેલ છે. જેના અભ્યાસ પરથી ફોરમ એવા નિષ્કર્ષ પર પહોંચે છે કે, પ્રતિવાદીના સંબંધિત કર્મચારી એ ગણતરી માં ભૂલ કરી સમાધાન નો કેસ તૈયાર કરેલ છે. જેને લીધે વાદીની મુદલ બાકી રકમ પર પણ ૨૦ % માફી નો લાભ વાદીને મળેલ છે. જે એક હિસાબી ભૂલ છે અને તે વસુલવા પ્રતિવાદી હકકદાર છે પ્રતિવાદી પીજીવીસીએલ ને સંબંધિત જવાબદાર કર્મચારી સામે ખાતાકીય પગલા લેવાનો પણ હુકમ કરવામાં આવે છે.

૩.૮ આથી, હુકમ કરવામાં આવે છે કે, પ્રતિવાદીએ બાકી કાઢેલ રૂા.૩૪૮૩/૦૨ વાદીએ ભરવાપાત્ર છે. જે ભરપાઈ કર્યેથી પ્રતિવાદીએ વાદીને નિયમોનુસાર નવું કનેકશન આપવાની કાર્યવાહી કરવી.

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar.

## -:: હુકમ ::-

- વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં " ૩.૭ અને ૩.૮ " મુજબ હુકમ કરવામાં આવે છે.

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ-30 માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, જુના પાવર હાઉસ કંમ્પાઉન્ડ, કનકરોડ, ત્રિકોણબાગ, રાજકોટ-૩૬૦ ૦૦૧ સમક્ષ અપીલ કરી શકે છે.

(શ્રીમતી જે.એમ.મહેતા)
સ્વતંત્ર સભ્યશ્રી

(એન.આઈ.ઉપાધ્યાય)
ટેકનીકલ સભ્યશ્રી

(એન.સી.મકવાણા)
અધ્યક્ષશ્રી,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.

તારીખ :- ૨૪/૦૧/૨૦૨૩.

Consumer Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar.